# City ભાસ્કર


It's All About Good Life :)


04 | સ્ટાઈલ એન્ડ ગ્લેમર

સુરત. શુક્રવાર. 21 ડિસેમ્બર, 2012

CONTACT US : 0261 3983732 | EMAIL : CITYBHASKARSURAT@GMAIL.COM | WWW.DIVYABHASKAR.COM/CITYBHASKAR | WWW.EPAPER.DIVYABHASKAR.COM/CITYBHASKAR


## આઈઓપનર



» પેસેફિક મહાસાગરમાં કેટલા આઇલેન્ડ્સ આવેલા છે?
25,000

» દુનિયાનો સૌથી નાનો મહાસાગર કયો છે?
આર્કટિક

» દુનિયાના તમામ મહાસાગરમાં કેટલું પાણી રહેલું છે?
500 લાખ અબજ ટન

» સાયન્ટિસ્ટ્સના મતે દરિયામાં કેટલી સ્પિશિશ રહેલી છે?
પાંચ લાખ

» દરિયાની સરેરાશ ઊંડાઇ કેટલી હોય છે?
4 કિલોમીટર

## આશ્ચર્ય

» ખોબા જેટલા દરિયાના પાણીમાં લાખો બેક્ટેરિયલ સેલ્સ હોય છે.

» 99 ટકા જ્વાળામુખીની પ્રક્રિયા દરિયામાં થાય છે.

» સમગ્ર દુનિયામાં સૌથી લાંબો દરિયાકિનારો કેનેડા ધરાવે છે. કેનેડા 56453 માઇલ દરિયાકિનારો ધરાવે છે.

» જો દરિયાના પેટાળમાં રહેલું સોનું બહાર કાઢવામાં આવે અને પૃથ્વીવાસીઓને વહેંચવામાં આવે તો દરેકને સાડાચાર કિલો સોનું મળે.

**સાહિત્ય મંથન** ત્રિદિવસીય જ્ઞાનસત્રમાં દેશભરના જાણીતા સાહિત્યકારો ગુજરાતી સાહિત્ય પર મંથન કરશે

# આજથી જ્ઞાનસત્ર શરૂ

- **જ્ઞાનસત્રમાં ત્રણ દિવસમાં 10 બેઠક થશે**

**સિટી રિપોર્ટર.** સુરત

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં આજથી સાહિત્યના અનોખા ઉત્સવ જ્ઞાનસત્રની શરૂઆત થશે. સાહિત્યપ્રેમીઓ માટે આકર્ષણના કેન્દ્રસમા ત્રિદિવસીય જ્ઞાનસત્રમાં દેશભરના જાણીતા સાહિત્યકારો ગુજરાતી સાહિત્ય પર મંથન કરશે અને વિવિધ સાહિત્ય પ્રકારો પર પ્રકાશ પાડશે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષા અડાલજાના અધ્યક્ષપદે આયોજિત આ જ્ઞાનસત્રમાં ત્રણ દિવસમાં 10 બેઠક થશે. આ જ્ઞાનસત્ર માટે ગુરુવારે જ સાહિત્યકારો સુરત આવી પહોંચ્યા હતા.

આજે સવારે 11.00 વાગ્યે પ્રથમ બેઠકથી જ્ઞાનસત્રનું ઉદ્ઘાટન થશે. કવિ-વિવેચક અશોક વાજપેયી જ્ઞાનસત્રને ખુલ્લુ મૂકશે. જાણીતા ફિલ્મ દિગ્દર્શક ગોવિંદ સરૈયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ભગવતીકુમાર શર્મા અને અનિલા દલાલ પ્રાસંગિક ઉદ્બોધન કરશે. દક્ષેશ ઠાકર સ્વાગત પ્રવચન કરશે. રઘુવીર ચૌધરી બેઠકના અધ્યક્ષ વર્ષા અડાલજાનો પરિચય કરાવશે. રાજેન્દ્ર પટેલ પરિષદનો અહેવાલ રજૂ કરશે. આ પ્રસંગે ગુજરાતી વિભાગના દાતા હિતેશભાઈ પટેલનું સન્માન પણ કરવામાં આવશે. બપોરે 2.30થી 5.30 વાગ્યાની બીજી


વર્ષા અડાલજા

બેઠક રવીન્દ્ર પારેખના અધ્યક્ષસ્થાને યોજાશે. નીતિન વડગામા બેઠકનું સંચાલન કરશે. સતીશ વ્યાસ કવિતા વિશે, મણિલાલ હ. પટેલ સર્જનાત્મક ગદ્ય વિશે અને વિજય શાસ્ત્રી વિવેચન વિશે વકતવ્ય આપશે.

સાંજે 7.30થી વર્ષા અડાલજાના અધ્યક્ષસ્થાને પારિતોષિક વિતરણ થશે. બેઠકનું સંચાલન પ્રફુલ્લ રાવલ કરશે. રાત્રે 8.30 વાગ્યે ચોથી બેઠકમાં 'મળેલા જીવ'નું વાચિકમ્ થશે. જેનું સંકલન અને નિર્દેશન પરેશ નાયક કરશે. દષ્ટિ પટેલનો સહયોગ રહેશે. રાજુ બારોટ, આરતી પટેલ, અર્ચન ત્રિવેદી, મોરલી પટેલ, ભરત ઠક્કર, જિગીષા ત્રિવેદી અને તુષાર દવે વિવિધ કલાકારોની ભૂમિકા ભજવશે.

આ જ્ઞાનસત્રમાં વર્ષ- 2010-11માં પ્રગટ થયેલા આશરે 1200 જેટલા પુસ્તકોનું ચયન થશે અને 250 પુસ્તકો વિશે મૂળગામી સમીક્ષા થશે. વર્ષ 2010-11માં પ્રગટ થયેલાં પુસ્તકોમાંથી ઉત્તમ પુસ્તકોને વિવિધ પારિતોષિક પણ અપાશે. જેમાં ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક, અરવિંદ પારિતોષિક, કાકાસાહેબ કાલેલકર, રમણ પાઠક નવલિકા, પ્રિયકાંત પરિખ, રમણલાલ સોની, બાળ સાહિત્ય પારિતોષિક અને અન્ય પારીતોષિકનો સમાવેશ થાય છે.

ગુજરાતી ભાષાનાં વિકાસમાં હાલ ઈન્ટરનેટ મહત્વનું માધ્યમ છે. ત્યારે ઘણાને ગુજરાતી ફોન્ટ ટાઈપ કરવામાં તકલીફ પડે છે. ફોન્ટ કઇ રીતે ટાઇપ કરવા તથા ક્યાંથી ડાઉનલોડ કરવા એ અંગે પણ માહિતી આપતા એક વર્કશોપનું આયોજન પણ થશે.

### જ્ઞાનસત્રનું શિડ્યૂલ

**સવારે 11.00**
પ્રથમ બેઠકમાં જ્ઞાનસત્રનું ઉદ્ઘાટન થશે

**બપોરે 2.30**
રવીન્દ્ર પારેખના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવશે

**સાંજે 7.30**
જુદા જુદા પારિતોષિકોનું વિતરણ કરવામાં આવશે

**રાત્રે 8.30**
અંતિમ બેઠકમાં 'મળેલા જીવ'નું વાચિકમ્ થશે


સિટીની એક ગિફ્ટ શોપમાં બે યુવતીઓ ક્રિસમસ માટે ઘર સજાવવા ડેકોરેશનની વસ્તુઓ જોઈ રહી છે. ■ જિતેન્દ્ર જડિયા

# ક્રિસમસને આવકારવા જોરદાર તૈયારી

- **યંગસ્ટર્સ ક્રિસમસ કેરલ્સની પ્રેક્ટિસ કરી રહ્યા છે**
- ગિફ્ટ્સની ખરીદી પણ કરવામાં આવી રહી છે

**સિટી રિપોર્ટર.** સુરત

સિટીના ચર્ચમાં ક્રિસમસ કેરલ્સની પ્રેક્ટિસ, મોલ્સમાં ક્રિસમસ ટ્રીની રોનક અને સાન્તાક્લોઝની કેપ અને ગિફ્ટ્સની ખરીદી, શહેરમાં ચારેબાજુ આ રીતે ક્રિસમસ ડેની પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ઘરોમાં પણ ડેકોરેશન કરવામાં આવી રહ્યું છે. લુડર્ઝ કોન્વેન્ટ અને રાયન ઈન્ટરનેશનલ સહિત સિટીની અનેક સ્કૂલ્સમાં પણ ક્રિસમસ ડેનું સેલિબ્રેશન કરવામાં આવી રહ્યું છે. રાયન ઈન્ટરનેશનલમાં કેરલ્સ સિંગિંગ કોમ્પિટિશન યોજાઈ હતી.

25 ડિસેમ્બરે તમામ ક્રિશ્ચન્સ ચર્ચમાં ભેગા થાય છે, જ્યાં પ્રેયર્સ પછી ક્રિસમસ કેરલ્સ ગાવામાં આવે છે. યંગસ્ટર્સ અત્યારે ઉત્સાહપૂર્વક કેરલ્સ સિંગિંગની પ્રેક્ટિસ કરી રહ્યા છે. આ વખતે 'વી થ્રી કિંગ્સ આર કમિંગ ટુ જીસસ' અને 'હોલી નાઈટ ફાઈનલ નાઈટ ઓલ ઈઝ કમ, ઓલ ઈઝ બ્રાઈટ' કેરલ્સ ફેવરિટ છે. કેરલ્સ સિંગિંગની પ્રેક્ટિસ કરી રહેલો જયસિંહ જ્યોર્જ કહે છે કે, 'અમે ચર્ચમાં કેરલ્સ સિંગિંગની પ્રેક્ટિસ કરીએ છીએ. એ સિવાય જીસસ ક્રાઈસ્ટના જન્મને સંબંધિત એક સ્કિટ પણ કરીએ છીએ. જીસસ બધાના જીવનમાં પ્રકાશ લઈ આવ્યા હતા. આથી અમે જરૂરિયાતમંદોની ઈચ્છાને જાણી તેમને ગિફ્ટ્સ આપીએ છીએ. ફેમિલીમાં બાળકને ગિફ્ટ આપવા માટે અમે ઘરમાં પાંચથી છ જગ્યાએ પેપરમાં ક્લૂ રાખીએ છીએ. આ ક્લૂના આધારે બાળકોએ ગિફ્ટ શોધવાની હોય છે.'

અનેક ઘરોમાં અત્યારે ક્રિસમસ ટ્રીની સાથોસાથ સ્ટાર લેમ્પ્સ પણ લગાવવામાં આવી રહ્યા છે. કોઈ કર્લ્ડ બોલ્સથી પણ સજાવટ કરી રહ્યું છે. રોબિન જ્યોર્જ કહે છે કે, 'અમે ક્રિસમસ ટ્રીની સાથોસાથ નાનકડી હટ પણ બનાવીશું. જેમાં જીસસ ક્રાઈસ્ટ જન્મ્યા હતા એવું દશ્ય સર્જીશું.'

### બાળકોને થોડું એક્સાઈટમેન્ટ રહેશે

આ વખતે સાન્તાક્લોઝ મોજામાં તો ગિફ્ટ મૂકશે જ, પણ બાળકોને થોડું એક્સાઇટમેન્ટ પણ રહેશે. તેમણે અલગ અલગ જગ્યાએ મૂકવામાં આવેલા ક્લૂના આધારે ગિફ્ટ શોધવાની રહેશે. આ વખતે સાન્તાક્લોઝ ગિફ્ટમાં કેમેરા, ચોકલેટ્સ, ક્રેઓન્સ, ડ્રોઇંગ બુક્સ અને ક્લોથ્સ આપશે.

# નેચર પાર્કમાં શરૂ થશે ટોય ટ્રેન

| 20 | 08 | 10 થી 15 | 08 |
|---|---|---|---|
| એકરમાં ફેલાયેલો છે નેચર પાર્ક | કરોડના ખર્ચે પ્રોજેક્ટનો અમલ થશે | રૂપિયાની ટિકિટ રાખવામાં આવશે | મહિનામાં પ્રોજેક્ટનો અમલ થશે |

- **પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ હેઠળ 8 મહિનામાં ટોય ટ્રેન શરૂ થશે**
- બાળકોએ હવે ચારથી પાંચ કિલોમીટર ચાલવું નહિ પડે

**વિપુલ બરવાળિયા.** સુરત

સરથાણા નેચરપાર્કમાં હવે બાળકો થાકીને લોટપોટ થયા વિના પશુ-પક્ષીઓને માણી શકશે. અત્યારે પશુ-પક્ષીઓ જોવા માટે ચારથી પાંચ કિલોમીટર ચાલવું પડે છે. જોકે, હવે 20 એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલા નેચર પાર્કમાં આવતા આઠ મહિનામાં જ આઠ કરોડ રૂપિયાના ખર્ચે ટોય ટ્રેન શરૂ થશે એટલે બાળકોની મજા બમણી થઈ જશે.

સુરત મ્યૂનિસિપલ કોર્પોરેશનના હાઉસિંગ ડિપાર્ટમેન્ટે પ્રાઈવેટ-પબ્લિક પાર્ટનરશિપ હેઠળ ટોય ટ્રેન માટેની રૂપરેખા તૈયાર કરી છે. એસએમસી પ્રોજેક્ટ માટે જગ્યા ફાળવશે અને પ્રાઈવેટ કંપની પ્રોજેક્ટનો અમલ કરશે. ટૂંકસમયમાં પ્રાઈવેટ કંપનીઓ પાસેથી ટેન્ડર મગાવવામાં આવશે. ટોય ટ્રેનમાં બેસવા માટે અંદાજે 10 થી 15 રૂપિયાની ટિકિટ રાખવામાં આવશે.

હાઉસિંગ ડિપાર્ટમેન્ટના એડિશનલ સિટી એન્જિનિયર જે. કે. શાહ કહે છે કે, 'ટૂંકસમયમાં સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી મળી જશે એટલે એના માટે ટેન્ડર બહાર પાડવામાં આવશે. આઠથી નવ મહિનામાં પ્રોજેક્ટ તૈયાર થઈ જશે. આ પ્રોજેક્ટ બાળકો નજરાણું બની રહેશે.'


બાળકો માટે નેચર પાર્કની મુલાકાત હવે જોયફુલ બનશે.

## 22મીએ કાવ્યસંપદામાં ખલીલ ધનતેજવી



**સિટી રિપોર્ટર.** સુરત

જાણીતા કવિ સુરેશ દલાલ અને કાંતિ મડિયાની સ્મૃતિમાં નીતિનાબેન મડિયા પ્રેરિત અને જીવનભારતી મંડળનાં સંયુક્ત ઉપક્રમે સુરતમાં 'કાવ્ય સંપદા' માસિક શ્રેણી શરૂ કરવામાં આવી છે. જેની પહેલી કડીમાં 22 ડિસેમ્બરે શનિવારે રાત્રે 9.00 કલાકે નાનપુરાસ્થિત જીવનભારતી સ્કૂલના રોટરી હોલમાં કવિ ખલિલ ધનતેજવી સ્વરચિત કાવ્યોની લહાણી કરાવશે. આ કાર્યક્રમમાં દર મહિને ગુજરાતનાં બે જાણીતા કવિનો મુશાયરો થશે. સુરતની સાહિત્યપ્રેમી જનતા આ કવિતાના ઉત્સવમાં ઉત્સાહ સાથે વિના મૂલ્યે ભાગ લઈ શકે છે.

# નવા રંગરૂપ સાથે ભજવાયું સંતુ રંગીલી

- **જ્યોર્જ બર્નાડ શોની પિગ્મેલીઅન કૃતિ પરથી મધુરાયે નાટક લખ્યું**
- 70ના દાયકામાં સરિતા જોશી અને પ્રવીણ જોશીએ આ નાટક ભજવ્યું હતું

**સિટી રિપોર્ટર.** સુરત

1970થી 1980ના દાયકાનું સુપરહિટ ગુજરાતી નાટક 'સંતુ રંગીલી' નવા રંગરૂપ સાથે સોમવારે રાત્રે ગાંધીસ્મૃતિભવનના મંચ પર ભજવાયું હતું. તરબતર સાહિત્યિક સંસ્થા દ્વારા એના સભ્યો માટે આ નાટક રજૂ કરાયું હતું.

તરતબતરના સંચાલક વિવેક ટેલરે કહ્યું હતું કે, 'સંસ્થાના સભ્યો માટે વર્ષમાં કાર્યક્રમ થાય છે. જે કડીમાં ઓફબીટ નાટક પણ બતાવાય છે. જેના ભાગરૂપે સંતુ રંગીલી નાટક બતાવવામાં આવ્યું હતું. આ સુપરહિટ નાટકમાં સરિતા ખટાવ (જોશી) અને પ્રવીણ જોશીએ લીડ રોલ ભજવ્યો હતો. હવે નવા રૂપરંગ સાથે આવેલા નાટકમાં સુજાતા મહેતા, દર્શન જરીવાલા અને સમીર કક્કડની મુખ્ય ભૂમિકા છે. સમયના વહેણ સાથે નાટકનાં દશ્યોમાં, પહેરવેશ, સાધન સામગ્રીમાં ફેરફાર થયા છે પણ કથાવસ્તુ તો એની એજ હતી. જેણે દરેક શ્રોતાઓને ભરપૂર મનોરંજન પૂરુ પાડ્યું. જ્યોર્જ બનાર્ડ શૉની પિગ્મેલીઅન કૃતિ પરથી મધુરાયે સંતુ રંગીલીની સ્ક્રિપ્ટ લખી હતી.

1970-80ના દાયકામાં આ નાટકે રંગમંચ પર પસ્તાળ પાડી હતી. જેની સફળતાની સાબિતીરૂપે બે ફિલ્મો પણ બની. 1976 સંતુ રંગીલી નામે ગુજરાતી ફિલ્મ બની જે હિટ રહી તો 1980માં દેવાનંદની મનપસંદ મૂવી આવી હતી જે સંતુ રંગીલી પરથી બની હતી. આ સુપરહિટ નીવડેલા નાટકને જોવા માટે બધા જ આતુર હતા અને બધા જ નાટક જોઈને ખુબ ખુશ થયા હતા.'


કલાકાર સુજાતા મહેતા, દર્શન જરીવાલા

**ડૉ. રઈશ મણિયાર** | દર્શક

### અંત હજી સારો થઈ શક્યો હોત..

નાટકનો પ્રથમ અંક ખુબ જ સરસ છે. બીજા અંકમાં સ્ક્રિપ્ટ નબળી પડી હોય એવું લાગે છે. અંત બતાવવામાં લેખક કન્ફ્યૂઝ થયા હોય અથવા ઉતાવળીયો એન્ડ આપી દીધો હોય એવું લાગે છે. અંતને હજી સારો બનાવી શકાયો હોત. કલાકારોના અભિનય અફલાતુન રહ્યા. સમય સાથે રિલેવન્સ બતાવતું નાટક ઓલઓવર હિટ છે.

### નાટકની કથાવસ્તુ

ગામડાની છોકરીને એક મુંબઈના ભાષાશાસ્ત્રી છ મહિનામાં દેખાવ, ભાષા, રહેણીકહેણી બધી રીતે સુધારી એક સ્માર્ટ બનાવવાની ચેલેન્જ લે છે. છ મહિનામાં તે ચેલેન્જ પૂરી કરે છે. આ દરમિયાન બંને વચ્ચે અજાણતા પ્રેમનાં બીજ ફૂટી નીકળે છે, પણ કોઈ બોલતું નથી. એ પછી પ્રોફેસર મુંબઈ જવા નીકળે છે ત્યારે સંતુને કહે છે હવે તુ તારે રસ્તે હું મારા રસ્તે. શરૂઆતમાં ફૂલ વેચતી સંતુ રંગીલી કહે કે સાબ તમે મને સ્માર્ટ બનાવી દીધી હવે હું અહીં શુ કરીશ. 'હું હવે ફૂલ કેવી રીતે વેચીશ?'